# કોર્ટ ઓફ કમિશનર (વિકલાંગ વ્યકિતઓ માટેના)

ગુજરાત રાજય

( Deemed Civil Court) વિકલાંગ ધારો (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ૧૯૯૫

ભોંયતળિયે બ્લોક નં. ૧૬, જુના સચિવાલય, સેકટર-૧૦, ગાંધીનગર- ૩૮૨૦૧૦

કેસ નં. ૫૩૯/૨૦૧૫ ક્રમાંક કમિ/અપગ/૨૦૧૬-૧૭ /

તા. /૦૭/૨૦૧૬

વાદીઃ-

હિરાણી મેહુલ મગનભાઇ,

મુ. સુખપુર, વાય રાણપુર, પો.(વાકુના) ખારચીયા,

તા. ભેંસાણ જિ. જુનાગઢ

## વિરુધ્ધ

પ્રતિવાદીઃ-

સચિવશ્રી,

ગૌણ સેવા પસંદગી મંડળ,

બ્લોક નં. ૪/૧ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર

૧. અરજદારશ્રી, હિરાણી મેહુલ મગનભાઇ ધ્વારા તેઓની /૩/૨૦૧૬ ની અરજી કે જે આ કોર્ટને તા. ૧૦/૦૩/૨૦૧૬ ના રોજ મળેલ છે થી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની જાહેરાત ક્રમાંક ૯/૨૦૦૮ અન્વયે થયેલ " સહાયક કારકુન" ની ભરતીમાં અપંગ ઉમેદવાર તરીકે મહેસુલ વિભાગ હસ્તકની કલેકટર કચેરી માટે નિમણુંક નહી આપી અન્યાય કરેલ હોવા અંગેની ફરિયાદ મળેલ પ્રસ્તુત ફરિયાદને ભારતીય વિકલાંગ ધારો- ૧૯૯૫ ની કલમ ૫૯ (બી) હેઠળ નોંધણી કરી કેસ નં. ૫૩૯/૨૦૧૬ તરીકે દાખલ કરી સુનાવણીની પ્રક્રિયા હાથ ધરેલ.

૨. તા.૨૮/૦૬/૨૦૧૬ ના રોજ આ કોર્ટ ધ્વારા રાખવામાં આવેલ સુનાવણીમાં વાદીશ્રી હિરાણી મેહુલભાઇ અને પ્રતિવાદી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના સેકશન અધિકારીશ્રી આર.જે. પરમાર ઉપસ્થિત રહેલ.

૩. વાદી શ્રી હિરાણી મેહુલભાઇ ધ્વારા લેખિત અને મૌખિક રજૂઆત કરવમાં આવેલ કે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની જાહેરાત ક્રમાંક ૯/૨૦૦૮ થી બિનસચિવાલય સેવાના "સહાયક કારકુન" ની જાહેરાત પ્રસિધ્ધ થયેલ. કુલ ૧૫૫૭ ખાલી જગ્યાઓ

દર્શાવેલ જેમાં શારિરીક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો માટે ૪૬ જગ્યાઓ અનામત રાખવામાં આવેલ. જે પૈકી ૨૯ જગ્યા મહેસુલ વિભાગ હસ્તકની તમામ જિલ્લા કલેકટર કચેરી માટે, ૫ જગ્યા નાણાં વિભાગ હસ્તકની હિસાબ અને તિજોરી કચેરીઓ માટે, ૯ જગ્યાઓ નાણાં વિભાગ હસ્તકના વાણિજયક પેટા કચેરીઓ માટે અને ૩ જગ્યાઓ આરોગ્ય તબીબી સેવાઓ કમિશનરશ્રી આરોગ્ય અને તબીબી કચેરીઓ માટે વિકલાંગ ઉમેદવારો માટે અનામત રાખવામાં આવેલ. પ્રસ્તુત જાહેરાત અન્વયે તા. ૧/૦૨/૨૦૦૯ ના રોજ યોજાયેલ લેખિત સ્પર્ધાત્મક પરીક્ષાનું પરીણામ તા.૨૧/૭/૨૦૦૯ ના રોજ ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા ગુજરાત સરકારના ગેઝેટ મારફત પ્રસિધ્ધ થયેલ, જેમાં શ્રી હીરાણી મેહુલકુમાર જનરલ કેટેગરીમાં વિકલાંગ ઉમેદવાર તરીકે ઉતીર્ણ થયેલ છે. તેઓએ ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા ખાતાઓની પસંદગી માટે બોલાવવામાં આવતા પસંદગીના દિવસે અગ્રતાક્રમે માંગતા મહેસુલ વિભાગ હસ્તકની કલેકટર કચેરીઓ માટે વિકલ્પ નં. ૧ આપેલ. મહેસુલ વિભાગ હસ્તકની કલેકટર કચેરીઓ માટે વિકલાંગ ઉમેદવારોમાટે ૨૯ જગ્યાઓ અનામત હતી, આમ છતાં માત્ર ૧૩ વિકલાંગ ઉમેદવારોને જ મહેસુલ વિભાગ હસ્તક કલેકટર કચેરીમાં નિમણુંક આપવામાં આવેલ અને ૧૬ જગ્યાઓ બાકી હોવા છતાં તેઓને વિકલાંગ કેટેગરીની જગ્યાઓ ખાલી જગ્યાઓ હોવા છતાં ત્યાં નિમણુંક નહી આપી અન્યાય કરેલ છે. આ બાબતે તેઓએ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ પાસે આર.ટી.આઇ. હેઠળ માહિતી માંગવા છતાં તેઓને સંતોષકારક માહિતી ગૌણ સેવા આયોગ ધ્વારા આપવામાં આવેલ નથી. શ્રી હિરાણીએ જણાવેલ કે તેઓને મેરીટનાક્રમ પ્રમાણે ૧૦૯૪ અન્વયે હિસાબી નિયામકશ્રી કચેરી હસ્તક જૂનાગઢ જિલ્લા કચેરીમાં ગૌણ સેવા પસંદગી મંડળના તા.૦૧/૦૩/૨૦૧૬ ના પત્રથી નિમણુંક મળતા તેઓ નિમણુંકની જગ્યાએ હાજર થયેલ છે. પરંતુ જે તે સમયે તેઓને તક આપવામાં આવી હોત તો તેઓ મહેસુલ વિભાગ હસ્તકની જિલ્લા કલેકટર કચેરીમાં નિમણુંક મેળવી શકયા હોત અને તેઓને અન્યાય ન થાત.

૪. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નાયબ સચિવશ્રી, આર.જે.પરમાર ધ્વારા મૌખિક રીતે રજુઆત કરવામાં આવેલ કે જાહેરાત ક્રમાંક ૯/૨૦૦૮ અન્વયે પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થયે લાંબો સમય થઇ ગયેલ છે. તથા તે અંગેનો રેકર્ડ પણ નિયમોનુસાર નાશ થયેલ છે. જેથી હવે સમય મર્યાદા બહારની અરજદારની રજુઆત હોઇ તે ગ્રાહય

પાત્ર નથી. વધુ સુનાવણી માટે પ્રસ્તુત કેસની મુદત તા.૧૨/૦૭/૨૦૧૬ના રોજ રાખવામાં આવેલ.

૫. તા.૧૨/૦૭/૨૦૧૬ ના રોજની સુનાવણીમાં વાદી શ્રી મેહુલ હિરાણી ધ્વારા પુનઃ તેઓને કચેરી ફાળવણીમાં ગૌણ સેવા મંડળ ધ્વારા અન્યાય કરાયેલ હોવાનું જણાવી ન્યાયીક પ્રક્રિયા હાથ ધરી મંડળ સામે યોગ્ય હુકમ કરવા રજુઆત કરાયેલ.

૬. ગૌણ સેવા પસંદગી મંડળના નાયબ સચિવશ્રી, આર.જે.પરમાર ધ્વારા નાયબ સચિવશ્રી એ.આર.રાવલની સહી સાથેના તા.૧૨/૦૭/૨૦૧૬ના પત્રથી કરેલ લેખિત રીમાકર્સ રજુ કરેલ જેમાં તેઓએ જણાવેલ કે, મહેસુલ વિભાગ હસ્તકની જિલ્લા કલેકટર કચેરીની ૧૦૬૨ ખાલી જગ્યાઓ ભરવા માટે મેરીટ ક્રમ અનુસાર ફાળવણીની કાર્યવાહી હાથ ધરવામાં આવતાં ૬૪૪ જનરલ કેટેગરીના ઉમેદવારોને મેરીટ અનુસાર અને ખાતા પસંદગી મુજબ કલેકટર કચેરીઓમાં નિમણુંક કરી ફાળવણી કરવામાં આવેલ. જેમાં ૪ શારિરીક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોનો સમાવેશ થયેલ છે. વાદીશ્રી મેહુલ મગનભાઇ હિરાણીના પસંદગી ક્રમ અનુસાર નંબર આવતા સુધીમાં જિલ્લા કલેકટર કચેરીઓની તમામ જગ્યાઓ ભરાઇ ગયેલ હતી જેના કારણે તેઓને કલેકટર કચેરીમાં પસંદગી મળી શકેલ ન હતી શ્રી હિરાણીએ નિયામક હિસાબ અને તિજોરી કચેરી માટેનો વિકલ્પ આપતાં તેઓને પસંદગી મુજબ હિસાબી તિજોરી કચેરી જુનાગઢ જિલ્લાની ફાળવણી કરવામાં આવેલ. તેઓની મેરીટ પછીના અન્ય કોઇ ઉમેદવારોને જિલ્લા કલેકટર કચેરી ફાળવવામાં આવેલ નથી. જે તે સમયે શ્રી હિરાણી ધ્વારા પસંદગી સામે કોઇ વાંધો લેવામાં આવેલ નથી. વધુમાં પ્રસ્તુત જાહેરાત અન્વયે પરિણામ પ્રસિધ્ધ કર્યા બાદ પસંદગી યાદી પરના તમામ લાયક ઉમેદવારની નિમણુંક અર્થે ફાળવણી થઇ ગયે ૭ વર્ષ જેટલો સમય વ્યતિત થયેલ હોઇ આ ફરિયાદ પરત્વે હવે કોઇ કાર્યવાહી અપેક્ષિત ન હોય કેસ દફતરે કરી નિકાલ કરવામાં આવે તેવી રજૂઆત કરેલ.

૭. વાદીશ્રી મેહુલ હિરાણી અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની રજુઆત ધ્યાને લઇને હું નીચેના તારણ ઉપર આવું છું.

(૧) ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની જાહેરત ક્રમાંક ૯/૨૦૦૮ અન્વયે કુલ ૧૫૫૭ ખાલી જગ્યાઓ પૈકી ૯૩૪ જગ્યાઓ મહેસુલ વિભાગ હસ્તકની કલેકટર કચેરીઓ માટે દર્શાવવા આવેલ જેમાં ૨૯ જગ્યાઓ વિકલાંગ ઉમેદવારોથી ભરવાની થતી હતી.

(૨) આમ છતાં તા.૨૧/૨/૨૦૦૯ ના રોજ પ્રસિધ્ધ થયેલ પસંદગી યાદીમાં ૪૦ વિકલાંગ ઉમેદવારોની પસંદગી કરવામાં આવેલ છે. જે પૈકી મહેસુલ વિભાગ હસ્તકની કલેકટર કચેરીઓ માટે ૪ જેટલી વિકલાંગ ઉમેદવારોની ફાળવણી કરવામાં આવેલ છે. આમ મહેસુલ વિભાગ હસ્તકની કલેકટર કચેરીઓમાં નિયત કરાયેલ ૨૯ વિકલાંગ ઉમેદવારોની સામે ફકત ૪ ઉમેદવારોને ફાળવેલ જણાય છે. જનરલ કેટેગરીના વિકલાંગ ઉમેદવારોને ખાતાની પસંદગી માટે અન્ય ઉમેદવારો કરતાં વહેલા બોલાવેલ હોત તો જનરલ કેટેગરીના વિકલાંગ ઉમેદવારો સબંધિત જગ્યાઓ ઉપર યોગ્ય પસંદગી મેળવી શકયા હોત. પરંતુ સબંધિત કેટેગરીના ઉમેદવાર સાથે જ મેરીટ મુજબ વિકલાંગ ઉમેદવારોને પસંદગી માટે બોલાવવામાં આવતા વિકલાંગ ઉમેદવારોને ખાતાની પસંદગી માટે વિવિધ જગ્યાઓ માટેનો વિકલ્પ મળી શકેલ નથી. જેથી હવે પછી ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા વિકલાંગ ઉમેદવારોને જે તે કેટેગરીમાં અગ્રતાથી પસંદગીની તક આપવામાં આવે તો તેઓ પસંદગી મુજબના ફાળવણી મેળવી શકશે.

(૩) પ્રસ્તુત ભરતી થયાને લાંબો સમય વીતી ગયેલ છે. ઉમેદવારો નિમણુંકવાળી જગ્યાએ લાંબા સમયથી હાજર થઇ નિયમિત નિમણુંક પણ મેળવી સેવામાં કાર્યરત છે. તથા પ્રસ્તુત ભરતી અંગેનુ રેકર્ડ પણ મંડળની રજુઆત મુજબ ઉપલબ્ધ નહીં હોવાના કારણે હવે આ કેસમાં પુનઃ વિચારણા કરવા માટે કોઇ કારણ રહેતું નથી. સમગ્ર બાબતો ધ્યાને લઇને હું નીચે મુજબનો હુકમ કરુ છું.

## <u>હુકમ</u>

શ્રી હિરાણી મેહુલ મગનભાઇની રજૂઆત સમય મર્યાદામાં કરવામાં આવેલ ન હોવાના કારણોસર રદ કરું છું.

ઉપરોકત હુકમ સાથે હું પ્રસ્તુત કેસનો નિકાલ કરું છું.

(સંજય નંદન)
કમિશનર

<u>નકલ રવાના:-</u>

(૧) હિરાણી મેહુલ મગનભાઇ, મુ. સુખપુર, વાય રાણપુર, પો.(વાકુના) ખારચીયા, તા. ભેંસાણ જિ. જુનાગઢ તરફ જાણ સારૂ.

(૨) સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, બ્લોક નં. ૪/૧ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર